તે વ્યક્તિ સફળ થઈ ગયો, જે ઇસ્લામ લઈ આવ્યો, તેને જરૂરત પ્રમાણે રોજી મળી ગઈ અને અલ્લાહએ તેને જે કંઈ આપ્યું છે, તેના પર તે સંતુષ્ટ થઈ ગયો

અબ્દુલ્લાહ બિન અમ્ર બિન્ આસ રઝી અલ્લાહુ અન્હુમા રિવાયત કરે છે કે અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «તે વ્યક્તિ સફળ થઈ ગયો, જે ઇસ્લામ લઈ આવ્યો, તેને જરૂરત પ્રમાણે રોજી મળી ગઈ અને અલ્લાહએ તેને જે કંઈ આપ્યું છે, તેના પર તે સંતુષ્ટ થઈ ગયો».
[સહીહ (આ હદીષ સાચા દરજજાની છે)] [આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

આ હદીષમાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ જણાવ્યું કે તે વ્યક્તિ કામયાબ અને સફળ થઈ ગયો, જે પોતાના પાલનહારનો આજ્ઞાકારી બની ગયો અને જેને ઇસ્લામ તરફ હિદાયત આપવામાં આવી, તેમજ જે વ્યક્તિને હલાલ રોજી માંથી પોતાની જરૂરત પ્રમાણે રોજી આપવામાં આવી, ન તો વધારે ન તો ઓછી. અને જે કંઈ અલ્લાહએ તેને આપ્યું છે તેનાથી તે સંતુષ્ટ પામ્યો અને અલ્લાહથી ખુશ થઈ ગયો.

http://www.sunnah.global/hadeeth/gu/show/5814